ભાટ કોલેજ દ્વારા ૩-ડી પ્રિન્ટીંગના માધ્યમથી "મોટેરા સ્ટેડિયમ, ટ્રમ્પ અને મોદી"નું મૉડેલ

ગાંધીનગર, તા. ૨૩

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડીયમ એવા સરદાર પટેલ સ્ટેડીયમ, મોટેરા અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેનાર બે મહાન હસ્તી અમેરીકન પ્રેસીડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિનું એક સ્મૃતિ ચિહ્ન શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ભાટના ડિરેક્ટર પ્રોફેસર ધર્મેશ વંડરાના માર્ગદર્શન હેઠળ મિકેનિકલ એંજીન્યરિંગના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા તૈયાર કરાયું છે. ૨૪મી ફેબ્રુઆરીએ યોજાનાર "નમસ્તે ટ્રમ્પ" કાર્યક્રમની આવનારી પળોને ૩-ડી પ્રિન્ટીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરી મોટેરા સ્ટેડીયમ, ડોનાલ્ડ ટ્રમ્પ અને શ્રી નરેન્દ્ર મોદીની પ્રતિમાની ૩-ડી પ્રિન્ટ તૈયાર કરી આ પ્રસંગને કૉલેજ દ્વારા બિરદાવાયો છે. હાલ જ્યારે ૩-ડી પ્રિન્ટરનો ઉપયોગ પ્રોડક્શન, મોડલ, આર્કિટેક્ચર, મેડિકલ ક્ષેત્રે થાય છે ત્યારે અમદાવાદના ગૌરવ સામિ દ્વારા આ પ્રસંગ માટે છેલ્લા ૧૦ દિવસથી ફ્યુઝન-૩૬૦ સોફ્ટવેર અને ૩-ડી પ્રિન્ટર સતત ૨૪ કલાક ચાલુ રાખી આ મોડેલ બનાવાયાં છે. ઉલ્લેખનીય છે કે શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી સંસ્થામાં અદ્યતન૩-ડી પ્રિન્ટીંગ ટેકનોલોજીનો વિદ્યાર્થીઓને ઉપયોગ કરવા માટે હંમેશા પ્રેરિત કરતી રહી છે.

એસ વી અને એસ જી અંગ્રેજી શાળામાં કલાકૃતિ પ્રદર્શન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી અને એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શનિવારના રોજ કલાકૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ તોરણ, ટાઇલ્સ પેઇન્ટિંગ, કેનવાસ પેઇન્ટિંગ, કોલાઝ વર્ક, ક્લે વર્ક, ગ્લાસ પેઇન્ટિંગ, કેલિગ્રાફી, ઍમ્બ્રોઇડરી વર્ક, જ્યુટ વર્ક, પેપર વર્ક, સ્ટોન ડેકોરેશન, પપેટ્સ, માસ્ક વગેરેનું પ્રદર્શન યોજાયું હતું. આ સાથે સેલ્ફી કોર્નર અને ફૂડ કોર્નરનું પણ આયોજન થયું હતું. ધોરણ-૮ ની વિદ્યાર્થિનીઓએ ભાતીગળ નૃત્ય પણ રજૂ કર્યું હતું. આ પ્રસંગે સ્કૂલ દ્વારા ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓના વાલીઓની મિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વાલીઓ, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કલાકૃતિ પ્રદર્શનનો લાભ લીધો હતો.

ડાયરેક્ટ સે

જીવનમાં બધું છોડી દો તો ચાલશે
પણ ચહેરા પરનું સ્મિત અને હૈયામાંની આશા ક્યારેય ન છોડતા

જન્મદિને વધામણી



નિમેષ રાવલ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ,
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨

પુષ્પાબેન મહેતા
જ્યોતિ મહિલા મંડળ

જીતેન્દ્રકુમાર ગાંધી
મો. ૯૮૨૫૪ ૪૭૪૮૭

નિલ્પેશ પ્રવીણભાઈ શ્રીમાળી
મો. ૮૭૫૮૪ ૦૯૨૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

વાઈબ્રન્ટ ડિજિટલ પ્રિ સ્કૂલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની વાઈબ્રન્ટ ડિજિટલ પ્રિ સ્કૂલનો વાર્ષિકોત્સવ આંબેડકર હોલ ખાતે ઉજવાઈ ગયો. સ્કૂલના સંચાલક હેતલ મહેતા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની શિક્ષિકાઓ ચંદ્રકાંતા, સુપ્રિયા, બેલા અને શિલ્પાએ સ્કૂલના બાળકોને સરસ મજાના નૃત્યો તૈયાર કરાવ્યા હતા. આ નૃત્યમાં ગણેશ વંદના સાથે બોલીવુડ ડાન્સ અને ફ્રી સ્ટાઈલ ડાન્સ બાળકોએ ખૂબ સુંદર પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, જાણીતા બિલ્ડર જગત કારાણી, જાણીતા ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદી અને પીઆઈ ટૂંડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્યોત મહેતા અને વૈષ્ણવી મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના ૬૦ બાળકો વિવિધ નૃત્ય પર મન મૂકીને નાચ્યા હતા.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ (ગુજરાતી માધ્યમ), મોટા ચિલોડાનો વાર્ષિકોત્સવ તાજેતરમાં શાળાના પટાંગણમાં ઉજવાયો હતો. "આનંદોત્સવ-૨૦૨૦" શિર્ષક તળે યોજાયેલા આ વાર્ષિકોત્સવમાં ૭૦૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. માર્ચ ૨૦૧૯માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં અગ્રેસર રહેનારા શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને તથા તેમના માર્ગદર્શક શિક્ષકોને પણ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

શ્રી જે બી પ્રાથમિક સ્કૂલનો વાર્ષિકોત્સવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા દ્વારા 'નવરસ' થીમ અંતર્ગત તેજસ્વી તારલા પુરસ્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં પૂજ્ય દાસકાકા, પૂજ્ય દિવાળીબા સ્મૃતિ પારિતોષિક અને પૂજ્ય માણેકલાલ એમ પટેલ મેમોરિયલ સ્કોલરશીપનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ૪૧ તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશીપ અને જરૂરિયાતમંદ ૪૩ વિદ્યાર્થીઓને મીન્સ સ્કોલરશીપ મળી કુલ ૩,૫૩,૦૦૦ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવી હતી. સાથે સાથે રાષ્ટ્રકક્ષાની અને રાજ્ય-કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નવરસનું રસપાન કરાવતા કાર્યક્રમમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરી હતી.

આ પ્રસંગે મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, મંત્રી રૂપેશભાઈ અને બિપીનભાઈ પટેલ, શાળાના પૂર્વ વિદ્યાર્થી ડૉ. કશ્યપ પટેલ, ડૉ. નિસર્ગ ઓઝા, સંસ્થાના હોદ્દેદારો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય નીવાબેન પટેલે સ્વાગત પ્રવચન સહ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

દેવકરણના મુવાડા ખાતે નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૩

દહેગામના દેવકરણના મુવાડા ખાતે ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક અને નાબાર્ડના સંયુક્ત ઉપક્રમે નાણાકીય સાક્ષરતા કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત ગ્રામજનોને બેન્ક સાથે જોડાવાના ફાયદા, પૈસાની બચતનું મહત્ત્વ, એટીએફ કાર્ડનો સાવચેતીપૂર્વકનો ઉપયોગ, ભારત સરકારની વીમા અને પેન્શનલની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી ફિનકેર બેન્કના સીએસઆર મેનેજર તેજસ જોશી દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ગ્રામજનોને બાળ શિક્ષણ જાગરૂકતા હેતુસર અભ્યાસ ઉપયોગી સામગ્રી, નોટબૂક અને ચોપડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

એન્જોય યોર એક્ઝામ... બોર્ડના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં પ્રેરણાદાયી વાર્તાઓ પ્રસ્તુત

ગાંધીનગર, તા. ૨૩

અત્યારે પરીક્ષાનો માહોલ છે ત્યારે અમદાવાદના શાહપુરમાં સ્થિત ૬૫ વર્ષ જૂની હિન્દી મિડિયમ સ્કૂલનો વાર્ષિકોત્સવ અને દસમા બારમા ધોરણના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ આયોજીત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને મોટિવેશનલ સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. એમણે 'એન્જોય એક્ઝામ' એ ટાઈટલ હેઠળ પોણા કલાક સુધી અવનવી વાર્તાઓ સાથે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં અને કહ્યું હતું કે માત્ર ડૉક્ટર કે એન્જીનિયરિંગ લાઈન સિવાય પણ પુષ્કળ લાઈન છે જેમાં તમે તમારી કરિયર બનાવી શકો છો. અમદાવાદ રોટરી ક્લબના પ્રેસિડેન્ટ ડો. દર્શન શાહ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૩૦૦થી વધુ બાળકોએ આ કાર્યક્રમને માણ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અને ટ્રસ્ટીઓ દ્વારા બાળકોને કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી શુભકામનાઓ આપવામાં આવી હતી.

દીકરીનું મૂલ્ય સમજીએ, એ જ ઘરનું અસલ ઘરેણું છે

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી શ્રી મહાપ્રભુ આર્ટ્સ દ્વારા નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'દીકરી દિલનો દરિયો' અમરેલી, દિવ અને તળાજામાં પ્રસ્તુત થયું, ખૂબ વખણાયું

ગાંધીનગર, તા. ૨૩

'દીકરીનું મૂલ્ય સમજીએ કારણ કે એ જ ઘરનું અસલ ઘરેણું છે.' એવો સંદેશ ગાંધીનગરના નાટ્ય કલાકારોએ એક અસરકારક નાટકના માધ્યમથી અમરેલી, દીવ અને સથરા (ભાવનગર) ખાતે પ્રસારિત કર્યો હતો.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી શ્રી મહાપ્રભુ આર્ટ્સ, અમદાવાદ દ્વારા નિર્મિત તથા ગાંધીનગરના સુવિખ્યાત નાટ્યકાર અને પત્રકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત દિગ્દર્શિત નાટક 'દીકરી દિલનો દરિયો' આ ત્રણેય સ્થળે ભજવાયું હતું, જ્યાં તેને પ્રેક્ષકોનો ભરપૂર પ્રતિસાદ સાંપડ્યો હતો.

ગાંધીનગરનાં બાળવયનાં કલાકાર તિથિ પટેલે આ નાટકના માધ્યમથી વ્યાવસાયિક નાટકોના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. તેમના ઉપરાંત કરિશ્મા પાટડીયા, હાર્દિકા શુક્લ અને કુંતલ નિમાવત દ્વારા આ નાટકમાં અસરકારક અભિનય આપવામાં આવ્યો હતો. સંગીત સંચાલન કર્તુમ તેરૈયા દ્વારા, લાઈટ સંચાલન જયનલ રાવલ દ્વારા, સેટિંગ્સ હિમાંશુ ભચેચ અને અક્ષય ભટ્ટ દ્વારા તથા નેપથ્યની સેવા નીતા ભચેચ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

અમરેલી ખાતે શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં આ નાટકનું મંચન કરવામાં આવ્યું હતું. સ્થાનિક અગ્રણી દિપકભાઈ વઘાસિયા, લોકસેતુ સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, આરાધના ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, બાલભવનના સંસ્થાપક મોટાભાઈ, આમંત્રિતો તથા વિદ્યાર્થી ભુવનનના વિદ્યાર્થીઓએ આ નાટક માણ્યું ને સરાહ્યું હતું.

દિવના સુવિખ્યાત હૉલ મલાલા ઑડિટોરિયમ ખાતે આયોજિત આ નાટક પ્રસંગે દિવ કલેક્ટર સલોની રાય, સિંહદર્શન ફેઈમ રમેશભાઈ રાવલ, બેટી બચાવો ઍવોર્ડ વિનર મૈત્રેયી ભટ્ટ અને મોટી સંખ્યામાં દિવ ઍજ્યુકેશન હબના વિદ્યાર્થીઓ તથા દિવવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે નાટકની ભરપૂર સરાહના કરી હતી.

ભાવનગરના તળાજા તાલુકાના સથરા ગામ ખાતે સત્યનારાયણ હાઈસ્કૂલના પ્રાર્થના હૉલ ખાતે ભજવાયેલા આ નાટક પ્રસંગે તો વિદ્યાર્થીઓએ રીતસર કલાકારોને ફૂલડે વધાવી લીધા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયતના સરપંચ શાંતિભાઈ જાની, તાલુકા પંચાયત સદસ્ય કાંતિભાઈ જાની, આચાર્ય મલયભાઈ જાની તથા સમગ્ર સ્ટાફગણે ઉપસ્થિત રહી નાટકનો આનંદ માણ્યો હતો.

'આ નાટકે અમને ખૂબ હસાવ્યા પણ ખરા અને રડાવ્યા પણ ખરા. સંવેદનાનો એવો ઝંઝાવાત હતો નાટકમાં કે અમે એમાં જાણે વહી ચાલ્યા.' એવો પ્રતિભાવ આ નાટક જોનારા પ્રેક્ષકોએ વ્યક્ત કર્યો હતો.